# વિધાનસભા ‘બજેટ’ સત્રનો પ્રારંભ

જિતેન્દ્ર ભટ્ટ દ્વારા




પંદરમી વિધાનસભાનું બજેટ સત્ર આજથી શરૂ થયું. તેને અનુલક્ષીને શાસક અને ભાજપ પક્ષના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ પણ સર્કીટ હાઉસ ગાંધીનગર ખાતે બેઠક પ્રદેશ પ્રમુખ શક્તિસિહ ગોહિલ અને વિધાનસભા ગૃહના નેતા અમીત ચાવડાની આગેવાનીમાં મળી. ગૃહમાં હાજરી અંગે અને વિધેયકો અને કામગીરીની કાર્યપદ્ધતિ અંગે સૂચનો અપાશે.

### ૪૮૪ની સાગમટે પદવી

રવિ તેજા દ્વારા ૪૮૪ જેટલા પોલીસ કર્મચારીની સાગમટે બદલી કરી નાંખી છે. જેમાં ૪ પી.આઈનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લખનીય છે કે, કોન્સ્ટેબલ કક્ષાની બદલી થતી નથી. પણ છેલ્લા છ માસની કામગીરી જોતા આ બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### ચૂંટણી પહેલા ચિત્રામણ શરૂ

લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ નથી ત્યાં સત્તાધારી ભાજપે સરકારી મકાનો, વિવિધ બ્રીજ, અંડરબ્રીજ ઉપર પ્રજાનું ધ્યાન ખેંચાય તે રીતે પ્રચારની શરૂઆતથી ચૂંટણી પંચનું ધ્યાન ખેચાણું છે. પણ સરકારને કાન કોણ આંબળે? તેવો પ્રતિભાવ એક સિનિયર વયોવૃધ્ધે આપ્યો હતો.

### કુચડા યુદ્ધ શરૂ

ભાજપના પોસ્ટર ઉપર કોંગ્રેસના કાર્યકરોએ કુચડો મારતાં પુનઃ વિવાદ શરૂ થયો છે. પ્રદેશ પ્રમુખ હિંમતસિંહ પટેલે આવા વિવાદમાં ન પડવાની તાકીદ પણ કરી હોવાનું જાણવા મળે છે.

### જૂના જોગી ફરવા લાગ્યા

ભાજપ અને કોંગ્રેસના વયોવૃધ્ધ નિવૃત થઈ ગયા પછી મંગળવારે પ્રજાના દિવસે ગાંધીનગરમાં ફરતા દેખાયા હતા, વડોદરાના એક ધારાસભ્ય જે મંત્રી પણ હતા તેઓ શિક્ષણમંત્રી પ્રફુલ્લ પાનસેરિયાની ચેમ્બરની બહાર લોબીમાં બેસીને રજૂઆત લખી રહ્યાં હતા. તેજ રીતે અમરેલીના પૂર્વ કૃષિમંત્રી બેચર ભાદાણી પણ આંટા ફેરા મારતાં જોવા મળ્યાં હતા.

### કુબેર ડિંડોર ગિન્નાયા

આદિવાસી વિભાગના મંત્રી કુબેર ડિંડોરને વિશ્વાસમાં લીધા વગર જ ગ્રાન્ટ દરખાસ્ત કેન્દ્રને મોકલાતા મંત્રી નારાજ થતાં દરખાસ્ત પરત મંગાવી હોવાનું જાણવા મળે છે.

### દક્ષિણ ગુજરાતનો કેબિનેટમાં નાસ્તો

દક્ષિણ ગુજરાતમાં સુરત ખાણી-પીણી માટે પ્રખ્યાત છે. સુરતના જમણ તરીકે વખણાય છે ‘લોચો’ લાજવાબથી પ્રખ્યાત છે તે રીતે મંત્રી મંડળની બેઠકમાં પોંક, સેવ, વડા મઠણી સાથે રાજયકક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલ દ્વારા અપાયા હોવાનું જાણવા મળે છે.

# અશ્વિની વૈષ્ણવ, “ઉદ્યોગ અને કસ્ટમ ડ્યુટી પ્રક્રિયાઓમાં નિશ્ચિતતા અને સ્પષ્ટતાની ઘણી આવશ્યક્તા છે

અમદાવાદ, શ્રી અશ્વિની વૈષ્ણવ, “ઉદ્યોગ અને કસ્ટમ ડ્યુટી પ્રક્રિયાઓમાં નિશ્ચિતતા અને સ્પષ્ટતાની ઘણી આવશ્યક્તા છે. આ કસ્ટમ ડ્યુટીને તર્કસંગત બનાવે છે. હું મોબાઈલ ફોન વિનિર્માણ પરિસ્થિતી તંત્રને મજબૂત કરવાની દિશામાં આ પગલાં માટે માનનીય વડાપ્રધાન અને નાણાં મંત્રીને ધન્યવાદ આપું છું.“

મોબાઈલ ફોનના ઉત્પાદનમાં ઉપયોગ માટેની વસ્તુઓ પર લાગુ અવશિષ્ટ શ્રેણી/અન્ય ઉપર લગાવવામાં આવતી કસ્ટમ ડ્યુટીને ૧૫% થી ઘટાડીને ૧૦% કરી દેવામાં આવી છે. મોબાઈલ ફોનના ઉત્પાદનમાં ઉપયોગ થનારી કેટલીયે વસ્તુઓ જેને અગાઉ "અન્ય" માનવામાં આવતી હતી અને તેના પર ૧૫% ડ્યુટી લાગતી હતી, હવે ૧૦% ડ્યુટી લેવામાં આવશે. માલના નિર્માણમાં ઉપયોગ માટે ઈનપુટ અથવા પાર્ટ્સ પર કસ્ટમ ડ્યુટી આ અધિસૂચનાઓમાં વિશેષરૂપે સૂચીબદ્ધને ઘટાડીને શૂન્ય કરી દેવામાં આવી છે.

કેન્દ્ર સરકારે એક અધિસૂચનાના માધ્યમથી કસ્ટમ ડ્યુટીમાં ૩ શ્રેણીઓમાં ફેરફાર કર્યા છે. મોબાઈલ ફોનના ઉત્પાદનમાં ઉપયોગ માટેની વસ્તુઓ પર લાગુ અવશિષ્ટ શ્રેણી/અન્ય ઉપર લગાવવામાં આવતી કસ્ટમ ડ્યુટીને ૧૫% થી ઘટાડીને ૧૦% કરી દેવામાં આવી છે. મોબાઈલ ફોનના ઉત્પાદનમાં ઉપયોગ થનારી કેટલીયે વસ્તુઓ જેને અગાઉ "અન્ય" માનવામાં આવતી હતી અને તેના પર ૧૫% ડ્યુટી લાગતી હતી, હવે ૧૦% ડ્યુટી લેવામાં આવશે. ઉદાહરણ : બેટરી કવર, ફ્રન્ટ કવર મધ્ય કવર, મુખ્ય લેન્સ, પાછલું કવર, જીસીએમ એન્ટેના, પીયૂ કેસ, સીલિંગ ગાસ્કેટ, સિમ સૉકેટ, સ્ક્રૂ, પ્લાસ્ટિક અને ધાતુના અન્ય યાંત્રિક આઈટમ. કરવામાં આવેલા પરિવર્તન :? આ અધિસૂચનાઓ દ્વારા કરવામાં આવેલા પરિવર્તન ૩ શ્રેણીઓમાં આવે છે : મોબાઈલ ફોનના ઉત્પાદનમાં ઉપયોગ માટેની વસ્તુઓ પર લાગુ અવશિષ્ટ શ્રેણી/અન્ય ઉપર લગાવવામાં આવતી કસ્ટમ ડ્યુટીને ૧૫% થી ઘટાડીને ૧૦% કરી દેવામાં આવી છે. મોબાઈલ ફોનના ઉત્પાદનમાં ઉપયોગ થનારી કેટલીયે વસ્તુઓ જેને અગાઉ "અન્ય" માનવામાં આવતી હતી અને ૧૫% ડ્યુટી લેવામાં આવતી હતી, હવે ૧૦% ડ્યુટી લેવામાં આવશે. ઉદાહરણ : બેટરી કવર, ફ્રન્ટ કવર, મધ્ય કવર, મુખ્ય લેન્સ, પાછલું કવર, જીએસએમ એન્ટેના, પીયૂ કેસ, સીલિંગ ગાસ્કેટ, સિમ સૉકેટ, સ્ક્રૂ, પ્લાસ્ટિક અને ધાતુની અન્ય યાંત્રિક વસ્તુઓ, અધિસૂચનાઓમાં વિશેષરૂપે સૂચીબદ્ધ વસ્તુઓના ઉત્પાદનમાં ઉપયોગ માટે ઈનપુટ અથવા પાર્ટ્સ પર કસ્ટમ ડ્યુટી ઘટાડીને શૂન્ય કરી દેવામાં આવી છે. મોબાઈલ ઉદ્યોગે ઉદ્યોગ માટે કસ્ટમ ડ્યૂટી ઘટાડવાના સરકારના પગલાંનું જોરદાર સ્વાગત કર્યું છે. આ ફેરફાર નિકાસ-આધારિત વિકાસ, નીતિગત સ્થિરતા સુનિશ્ચિત કરવા અને વિનિર્માણમાં પ્રતિસ્પર્ધાત્મકતાને સંબોધિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ નીતિગત ફેરફાર છે, જે ભારતમાં મોબાઈલ ફોન વિનિર્માણ ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ જીત છે. આઈસીઈએના અધ્યક્ષ, પંકજ મોહિન્દ્રુએ કહ્યું, "આ ભારતમાં મોબાઈલ વિનિર્માણને પ્રતિસ્પર્ધી બનાવવાની દિશામાં સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ અને સ્વાગત લાયક નીતિ હસ્તક્ષેપ છે. મોટા પાયે ઉત્પાદન, ઓછું ઈનપુટ ટેરિફ પર સવાર થવું ભારતને ઈલેક્ટ્રોનિક્સ વિનિર્માણ અને નિકાસ માટે એક વૈશ્વિક કેન્દ્રમાં બદલવાની ચાવી છે. મોબાઈલ ફોન ઉદ્યોગ વડાપ્રધાન કચેરી, MoF અને MeitY પ્રત્યે પોતાની હાર્દિક પ્રશંસા વ્યક્ત કરવા ઈચ્છે છે. "મોબાઈલ ફોન અને મિકેનિક્સ અને ડાઈ-કટ પાર્ટ્સના ભાગો પર બીસીડીના ૧૦% અને મિકેનિક્સના ઈનપુટ પર ૦% નું સમાયોજન નિકાસ-આધારિત વિકાસ અને પ્રતિસ્પર્ધાત્મકની દિશામાં સરકારની નીતિ અભિગમમાં એક આદર્શ ફેરફારની શરૂઆતનું પ્રતિનિધિત્વ કરે છે."

# નોકરી છોડીને કૂતરા ફરાવવાનું કામ કરવા લાગી છોકરી

નવી દિલ્હી, ઘણી વખત વ્યક્તિ પોતાના શોખને વ્યવસાય બનાવી લે છે. તમારા મનનું કામ કરવા માટે પગાર મેળવવાથી વધુ સારું બીજું કંઈ ન હોઈ શકે. કોઈપણ રીતે, તમને જે પણ કામ કરવાનું મન થાય છે, તમે તેને રમત સમજીને કરો છો અને તમારું હૃદય તેનાથી ક્યારેય સંતુષ્ટ થતું નથી. એક છોકરીએ આવી નોકરી પસંદ કરી છે, જેનાથી તે ઘણાં પૈસા પણ કમાઈ રહી છે. છોકરીએ કોફી શોપમાં નોકરી છોડી દીધી અને લોકોના કૂતરાઓને ફરાવવા લાગી. તેનો દાવો છે કે અહીં તેના કામના કલાકો ઓછા છે અને તેને પહેલા કરતા ઘણા વધુ પૈસા મળી રહ્યા છે. આ છોકરીનું નામ ગ્રેસ બટરી છે, જેની ઉંમર ૨૮ વર્ષ છે. અગાઉ, ગ્રેસ કોફી કાફેમાં કોફી બનાવતી હતી, તેણે તેને છોડી દીધી અને કૂતરાઓને ફરાવવાનું કામ શરુ કરી દીધું. ગ્રેસ બટરી રિસ્તા કોફી કાફેમાં કોફી બનાવતી હતી, જેમાં ઘણી મહેનત કરવી પડતી હતી પરંતુ તે મુજબ કમાણી ઓછી હતી. જ્યારે પણ તેને તેના કામમાંથી સમય મળતો ત્યારે તે કૂતરાઓને ફરવા લઈ જતી. આવી સ્થિતિમાં એક મિત્રએ તેને મજાકમાં પૂછ્યું કે તું ડોગ વોકર કેમ નથી બની જતી? આ વાત ગ્રેસના મગજમાં બેસી ગઈ અને તેણે તરત જ તેની નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને લોકોના કૂતરાઓને ફરાવવાનું કામ કરવા લાગી. વર્ષ ૨૦૧૯માં, તેણે આ માટે એક કંપની ખોલી અને તેના શોખને વ્યવસાયમાં પરિવર્તિત કર્યો. ગ્રેસ દરરોજ માત્ર ૬ કલાક કૂતરાઓને ફરે છે, જેના માટે તેને પૈસા મળે છે. જ્યારે આ કામ શરૂ થયું ત્યારે તેની પાસે માત્ર ૨-૪ ગ્રાહકો હતા, પરંતુ તે પછી પણ સેંકડો ગ્રાહકો આવ્યા. તે એક વર્ષમાં ૪૨ હજાર પાઉન્ડ એટલે કે ૪૨ લાખ રૂપિયાથી વધુની કમાણી કરે છે. જો ટેક્સ લેવામાં આવે તો તેની પાસે સરળતાથી ૩૪ લાખ રૂપિયા બચી જાય છે. જો કે, આ કામના પડકારો વચ્ચે, ગ્રેસ કહે છે કે મોટાભાગની કમાણી પેટ્રોલ પર ખર્ચવામાં આવે છે, જોકે તેણીને તેનું કામ ગમે છે.

# સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એક શિક્ષિકાએ ગાળો બોલી આચાર્ય સામે કર્યા આક્ષેપ

સુરત, સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની એક સ્કૂલમાં થોડા દિવસ પહેલાં એક શિક્ષિકાએ આચાર્ય દ્વારા મારી ખોટી ફરિયાદ કરવામાં આવે છે અને મારી પાસે વધુ કામ કરાવડાવે છે તેવું કહીને સ્કૂલ માથે લીધી હતી. સ્કુલમાં પોલીસ બોલાવવા સાથે ઉગ્ર બોલાચાલી કરીને સ્કુલ અને આચાર્યની ઓફિસમાં જ ગાળો આપી હતી. આ ઉપરાંત પોલીસને આ બન્નેને હાલ ઉચકો અને પોલીસ સ્ટેશન લઈ જાવ કહું કહી હોબાળો મચાવવામા આવ્યો હતો. જોકે, આ પહેલા પણ આ શિક્ષિકા દ્વારા આવું ઉગ્ર વર્તન કર્યું હોવાની અનેક ફરિયાદ થઈ હતી. આ વિડીયો સાથે પણ ફરિયાદ થતાં શિક્ષણ સમિતિ દ્વારા સમગ્ર કિસ્સામાં તપાસ કરવા સાથે આવા વર્તન સામે પગલાં ભરવા માટે પણ કવાયત હાથ ધરી છે. સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ભેસ્તાન વિસ્તારમાં એક શાળાનો વિડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. ભેસ્તાનની એક શાળામાં શિક્ષિકાની બદલી થતાં તેઓએ પોતાની પાસે આચાર્ય દ્વારા વધુ કામ કરાવવા આવે છે અને ખોટી ફરિયાદ કરવામા આવે છે તેમ કહીને હોબાળો મચાવ્યો હતો. એક તરફ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા ત્યારે આ શિક્ષિકા હોબાળો મચાવતા હતો. હાથમાં ચપ્પલ લઈને આચાર્યને પોલીસની હાજરીમાં મારવા પહોંચી ગયા હતા. આ ઉપરાંત તેઓ ગંદી ગાળો બોલતા હતા તે પણ વિડિયોમાં આવી ગયું છે. આ ઉપરાંત અન્ય શિક્ષકાઓને પણ તેઓ ગાળો આપતા હતા. પોલીસની હાજરીમાં જ ગાળાગાળી અને મારા મારીના દ્રષ્યો સર્જાયા હતા. આ અંગેનો વિડિયો વાયરલ થયા બાદ શિક્ષણ સમિતિએ તપાસ કરતાં અન્ય સ્કૂલમાં પણ આ શિક્ષિકા દ્વારા ઉગ્ર વર્તન કરાતું હોવાની ફરિયાદ બહાર આવી છે. આ ઉપરાંત સમગ્ર કિસ્સામાં શિક્ષણ સમિતિની ઈમેજને પણ ધક્કો લાગી રહ્યો છે. જેના કારણે શિક્ષણ સમિતિ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરત શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક પોલીસ કમિશ્નર અજય તોમરની અધ્યક્ષતામાં યોજાઈ




સુરત, પોલીસ કમિશ્નરશ્રી અજય તોમરની અધ્યક્ષતામાં સુરત પોલીસ કમિશ્નર કચેરીના કોન્ફરન્સ હોલમાં સુરત શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પોલીસ કમિશ્નરશ્રીએ માર્ગ સલામતિ સપ્તાહની કરવામાં આવી રહેલી ઉજવણી અંતર્ગત લોકોમાં વધુમાં વધુ જાગૃતિ આવે એ પ્રકારના સઘન કાર્યક્રમો કરવા અંગે પણ વિગતે ચર્ચા કરી હતી. સુરતમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે વાહનોનું યોગ્ય જગ્યાએ પાર્કિંગ થાય તેમજ નો પાર્કિંગ એરિયામાં ન થાય તે માટે સઘન કામગીરી કરવા અને આડેધડ પાર્કિંગ કરનાર સામે દંડનીય કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, રખડતા પશુઓ મામલે ચર્ચા કરતા મહાનગરપાલિકા દ્વારા આ અંગે કરવામાં આવેલી કામગીરીની વિગતે સમીક્ષા કરી હતી. મહાનગરપાલિકા દ્વારા જાન્યુઆરી માસમાં ૬૫૦ રખડતા ઢોરોને પકડવામાં આવ્યા હતા જે પૈકી ૪૦૭ પશુઓને પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા, તેમજ રૂ.૫.૬૮ લાખનો દંડ કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. વધુમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર ૯૮૫ વાહન ચાલકોના લાયસન્સ રદ્દ કરવાની કામગીરી આર.ટી.ઓ કચેરી દ્વારા કરવામાં આવી હતી જે મુદ્દાની ચર્ચા કરતા કમિશ્નરે જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તો જ નિયમોનું પાલન થશે.

# અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી અને ઓખા-મદુરૈ અઠવાડિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી અઠવાડિક સ્પેશિયલ અને ઓખા-મદુરૈ અઠવાડિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિશેષ ભાડા પર વિસ્તારિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

ટ્રેન નંબર ૦૯૪૧૯/૦૯૪૨૦ અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ સ્પેશિયલ-

૧. ટ્રેન નંબર ૦૯૪૧૯ અમદાવાદ-તિરુચ્ચિરાપલ્લી અઠવાડિક સ્પેશિયલ, જેને ૨૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી કરી દેવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૨૦ તિરુચ્ચિરાપલ્લી-અમદાવાદ અઠવાડિક સ્પેશિયલ જેને ૨૮ જાન્યુઆરી ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને ૦૩ માર્ચ ૨૦૨૪ સુધી કરી દેવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૫૨૦/૦૯૫૧૯ ઓખા-મદુરૈ-ઓખા અઠવાડિક સ્પેશિયલ-

૧. ટ્રેન નંબર ૦૯૫૨૦ ઓખા-મદુરૈ સ્પેશિયલ, જેને અગાઉ ૨૯ જાન્યુઆરી ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી તેને હવે વધારીને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી કરી દેવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૫૧૯ મદુરૈ-ઓખા સ્પેશિયલ, જેને અગાઉ ૦૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી તેને હવે વધારીને ૦૧ માર્ચ, ૨૦૨૪ સુધી કરી દેવામાં આવી છે. ટ્રેન નંબર ૦૯૪૧૯ ના વિસ્તારિત ફેરાનું બુકિંગ તાત્કાલિક પ્રભાવથી અને ટ્રેન નંબર ૦૯૫૨૦ ના વિસ્તારિત ફેરાનું બુકિંગ ૦૧.૦૨.૨૦૨૪ થી પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચનાની સંબંધિત વિગતવાર જાણકારી માટે યાત્રી કૃપા કરીને www. enquiry. indianrail. gov.in ઉપર જઈને નિરીક્ષણ કરી શકશે.


**ટાટા કેપિટલ લિમિટેડ**

**રજીસ્ટર્ડ ઓફિસ :** ટાવર - એ, અગિયારમો માળ, પેનિન્સુલા બિઝનેશ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.
**શાખા ઓફિસ :** ઓફિસ નં.૩૦૨ અને ૩૦૩, ત્રીજો માળ, પિનાકલ, ભક્તિનગર, સ્ટેશન મેઇન રોડ, પટેલ સુઝુકી શોરૂમની સામે, રાજકોટ- 360002

**સ્થાવર મિલકતના વેચાણ માટે વેચાણની સુચના**
**(સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ ના નિયમ ૮(૬) અને નિયમ ૯(૧) હેઠળ)**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ તથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૬) અને નિયમ ૯(૧) સાથે.

**લોન એકાઉન્ટ નંબર: 6661567: શ્રી રોહિત સુખદેવભાઇ ચૌહાણ**

આનો અર્થ એ છે કે **ટાટા કેપિટલ લિમિટેડ (ટીસીએલ)** એક નોન-બેન્કિંગ ફાઇનાન્સ કંપની છે અને કંપની એક્ટ, 1956 ની જોગવાઈઓ હેઠળ તેની રચના કરવામાં આવી છે અને પેનિન્સુલા બિઝનેસ પાર્ક, ટાવર એ, 11 મા માળે, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઇ- 400013 અને ગુજરાત ("શાખા") ખાતે અન્ય સ્થળો એ તેની રજિસ્ટર્ડ ઓફિસ ધરાવે છે. 24.11.2023 ના રોજના આદેશો અનુસાર, નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (એનસીએલટી) મુંબઈએ ટાટા કેપિટલ ફાઇનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ ("ટીસીએફએસએલ") અને ટાટા ક્લીનટેક કેપિટલ લિમિટેડ ("ટીસીસીએલ") વચ્ચે ટ્રાન્સફરર તરીકે અને ટાટા કેપિટલ લિમિટેડ ("ટીસીએલ") વચ્ચે કલમ 66 અને કંપની એક્ટની અન્ય લાગુ પડતી જોગવાઈઓ સાથે વાંચવામાં આવતી કલમ 230 થી 232 ની જોગવાઈઓ હેઠળ ટ્રાન્સફરી તરીકે ગોઠવણીની યોજનાને યોગ્ય રીતે મંજૂરી આપી છે, 2013 ("કલ્યુંયોજના"). તેના સંદર્ભમાં, ટીસીએફએસએલ અને ટીસીસીએલ (ટ્રાન્સફરર કંપનીઝ) તેના ઉપક્રમ સાથે ટીસીએલ સાથે વિલીન થઇ ગયા છે, જે એક ચિંતાજનક બાબતછે, જેમાં તમામ મિલકતો, અસ્કયામતો, અધિકારો, લાભો, વ્યાજ, ફરજો, જવાબદારીઓ, જવાબદારીઓ, કરારો, કરારો, જામીન ગીરીઓ વગેરે **01.01.2024** થી લાગુ પડશે. ઉપરોક્ત આદેશ અને યોજનાને અનુસરીને, ટીસીએલ દ્વારા અમલમાં મૂકવામાં આવેલા તમામ સુવિધા દસ્તાવેજો અને તેના સંદર્ભમાં બાકી રહેલા તમામ દસ્તાવેજો અરજદાર કંપનીને તબદીલ કરવામાં આવ્યા હતા અને આ રીતે ટીસીએલ [ઋણધારકો/ સહ-ઋણધારકો] પાસેથી તેની શરતોમાં તેનો દાવો કરવા માટે હકદાર છે.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને નીચેના ઉધારકર્તા/સહ-ઉધારકર્તાને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ મિલકત **ટાટા કેપીટલ લિમિટેડ (સિક્યોર્ડ ક્રેડીટર/ ટીસીએલ)** પાસે ગીરો છે જેનો કબજોઅધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. ટાટા કેપીટલ લિમીટેડ (સિક્યોર્ડ ક્રેડીટર) ના સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ અધિનિયમ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) (નં. ૫૪ એફ ૨૦૦૨) ની કલમ ૧૩(૨) હેઠળ નોટીસને અનુસંધાને. નીચેના સ્થાવર મિલકતોનું વેચાણ **૨૭ મી ફેબ્રુઆરી ૨૦૨૪** ના રોજ **“જેમ છે ત્યાંના ધોરણે” અને “જેમ છે તે પ્રમાણે અને જે કંઈ છે અને આશ્રય વિના”** પર કરવામાં આવશે.

જયારે સિક્યોર્ડ એસેટનું વેચાણ સિક્યોર્ડ દેવું વસુલવા માટે કરવાનું છે અને જયારે બાકી રકમ **રૂા. ૨૦,૧૯,૭૯૫.૯૨/- (રૂપિયા વીસ લાખ ઓગણીસ હજાર સાતસો પંચાણું અનેપૈસા માત્ર બાણું) લોન એકાઉન્ટ નંબરઃ 6661567 તા. ૨૫.૦૩.૨૦૨૧ ના રોજ નોટીસ દ્વારા માંગવામાં આવી હતી, કલમ ૧૩(૨) ની તારીખ : ૨૬ મી માર્ચ ૨૦૨૧** ના રોજ ઉધારકર્તા, સહ-ઉધારકર્તાઓ, જામીનદારો પાસેથી એટલે કે **(૧) શ્રી રોહિત સુખદેવભાઇ ચૌહાણ; (૨) શ્રી વિપુલ સુખદેવભાઇ ચૌહાણ, બંનેનું સરનામું છેઃ** માતૃ આશિષ, મંગલ પાર્ક-૪, રણુજા મંદિર પાસે, કોઠારીયા રોડ, રાજકોટ, ગુજરાત – 360002; **અહીં પણઃ** સી/ઓ. સર્કલ ગ્રાફિક્સ 111, સુરભી કોમ્પ્લેક્સ, મકકમ ચોક, ગુંધલ રોડ, રાજકોટ, ગુજરાત - 360002; **(૩) શ્રીમતી ભાનુબેન સુખદેવભાઇ ચૌહાણ** નું સરનામું હતુંઃ માતૃ આશિષ, મંગલ પાર્ક-૪, રણુજા મંદિર પાસે, કોઠારીયા રોડ, રાજકોટ, ગુજરાત – 360002.

આથી સુચના આપવામાં આવે છે કે વેચાણની કોઈપણ મુલતવી/બંધ કરવાની ગેરહાજરીમાં, ઉપરોકત મિલકતનું ટાટા કેપીટલ લિમિટેડ દ્વારા **૨૭ મી ફેબ્રુઆરી ૨૦૨૪** ના રોજ બપોરે **૨.૦૦** વાગ્યા સુધી ઈ- ઓકશન દ્વારા વેચવામાં આવશે. જેની **ઓફિસ નં.૩૦૨ અને ૩૦૩, ત્રીજો માળ, પિનાકલ, ભક્તિનગર, સ્ટેશન મેઇન રોડ, પટેલ સુઝુકી શોરૂમની સામે, રાજકોટ- 360002** ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે મિલકતની ખરીદી માટે સીલબંધ ઈ- ઓકશન ટાટા કેપીટલ લિમિટેડ ના અધિકૃત અધિકારીને તા. **૨૬.૦૨.૨૦૨૪** ના રોજ સાંજે **૫.૦૦** વાગ્યા પહેલા મળે તેમ મોકલી આપવું.

| સિક્યોર્ડ સંપત્તિઓનું વર્ણન | પઝેશનનો પ્રકાર સાંકેતિક / પ્રત્યક્ષ | અનામત કિંમત (રૂા.માં) | અર્નેસ્ટ મની ડીપોઝીટ (રૂા.માં) |
|---|---|---|---|
| તમામભાગ અને હિસ્સા સાથે નો પ્લોટ નં.૩૧ (પી) ૫૭૬.૦૯ ચો.ફૂટ એટલે કે, ૫૩.૫૨ ચો.મી.ની સાથે સાથે "માતૃ આશિષ" તરીકે ઓળખાતા રહેણાંક મકાન, મંગલ પાર્ક, કોઠારીયા રેવન્યુ સર્વે નં.૧૨૨ (પી) ખાતે આવેલ, શેરી નં.૪, રણુજા મંદિર પાસે, કોઠારીયા રોડ, રાજકોટ, રાજકોટ. જમીનનો વિસ્તારઃ 576.06 સ્ક્વેર ફીટ.બિલ્ટ અપ એરિયાઃ 534 સ્ક્વેર ફીટ. **સીમાઓઃ પૂર્વઃ** ૭.૫૦ મીટર રોડ; **પશ્ચિમઃ** પ્લોટ નંબર 38; **ઉત્તરઃ** પ્લોટ નંબર 32/પી; **દક્ષિણઃ** પ્લોટ નં. ૩૧/પી. | પ્રત્યક્ષ | રૂ. ૨૬,૦૪,૦૦૦/- (રૂપિયા છવીસ લાખ ચાર હજાર પુરા) | રૂ. ૨,૬૦,૪૦૦/- (રૂપિયા બે લાખ સાઇઠ હજાર ચારસો પુરા) |

મિલકતનું વર્ણન કે જે વેચાણ માટે મૂકવામાં આવશે તે અનુસૂચિમાં છે. જંગમ લેખો/મકાન માલસુચિ ધરાવે છે જો ઉપરવર્ણવ્યા પ્રમાણે સુરક્ષિત સંપત્તિની અંદર અને અંદર કોઇ પણ વ્યક્તિ પડેલી હોય તો તે હરાજી વેચાણ નોટિસમાં વિશિષ્ટ વર્ણન ન કરે ત્યાંસુધી સુરક્ષિત અસ્કયામત સાથે વેચાણ માટે ઉપલબ્ધ થશે નહીં. જો ઉપરોક્ત રકમ, વ્યાજ અને ખર્ચ (વેચાણની કિંમત સહિત) 'અધિકૃત અધિકારી'ને આપવામાં આવે અથવા આવા સુરક્ષિત ઋણની રકમ, વ્યાજ અને ખર્ચની રકમ ચૂકવવામાં આવી છે તેવા તેમના સંતોષ માટે પુરાવા આપવામાં આવે તો વેચાણ પણબંધ કરવામાં આવશે. વેચાણ સમયે, સામાન્ય રીતે લોકોને વ્યક્તિગત રૂપે તેમના ટેન્ડર સબમિટ કરવા આમંત્રણ આપવામાં આવે છે. જો કે, કોઇપણ અધિકારી કે અન્ય વ્યક્તિ, જેમની આ વેચાણના સંબંધમાં બજાવવાની કોઇ ફરજ હોય, તેઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતેવેચાણ કરાયેલી મિલકતમાં કોઇ હિત પ્રાપ્ત કરી શકશે નહિ કે મેળવવાનો પ્રયાસકરી શકશે નહિ. આ વેચાણ સરફેસી ધારા, 2002 હેઠળ નિર્ધારિત નિયમો/શરતોને આધિન રહેશે. ઇ-હરાજી પોર્ટલ **https://disposalhub.com** દ્વારા **27 મી ફેબ્રુઆરી 2024** ના રોજ બપોરે **2.00 થી 3.00** દરમિયાન યોજાશે, જેમાં દરેકને 10 મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે કરવામાં આવશે. મિલકતની ખરીદી માટે રજૂ કરવામાં આવેલી તમામ બિડ્સમાં ઉપર જણાવ્યા મુજબ અર્નેસ્ટ મની સાથે રાજકોટ ખાતે ચૂકવવાપાત્ર **"ટાટા કેપિટલ લિમિટેડ"** ની તરફેણ કરતા ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા કરવામાં આવશે. મિલકતની તપાસ **૧૬ મી ફેબ્રુઆરી ૨૦૨૪** ના દિવસે સવારે **૧૧.૦૦ થી સાંજ ના ૫.૦૦** દરમિયાન થઇ શકે છે.

**નોંધઃ** ઇચ્છુક બિડરો અધિકૃત અધિકારી **શ્રી અનુરોધ જુલિયસ અને શ્રી હરાંગદ ભોગલનો** સંપર્ક કરી શકે છે, **ઇમેઇલ આઇડીઃ anurodh.julius@tatacapital.com /harangad.bhogal@tatacapital.com અનેમોબાઇલ નં. +91 8657439008/8291901835.**

વેચાણના વિસ્તૃત નિયમો અને શરતો માટે, કૃપા કરીને સુરક્ષિત લેણદારની વેબસાઇટમાં પૂરી પાડવામાં આવેલી લિંકનો સંદર્ભ લો, એટલે કે, **https://bit.ly/49jLVnZ** અથવાઅધિકૃત અધિકારી અથવા સેવા પ્રદાતા- Nexxen Solutions Private Limited નોસંપર્ક કરો.

**સ્થળ : રાજકોટ, તારીખ : ૦૨.૦૨.૨૦૨૪** **અધિકૃત અધિકારી, ટાટા કેપિટલ લિમિટેડ**


### વડોદરા કોર્પોરેશન દ્વારા ફાઈન આર્ટ ફેકલ્ટી બહારના લારી ગલ્લાને સીલ માર્યાઃ દબાણો હટાવ્યા



વડોદરા,

હરણી લેક ઝોનમાં સર્જાયેલી માનવસર્જિત હોનારત બાદ પાલિકા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી સફાળું જાગ્યું છે અને વર્ષોથી ચાલતા લોલમલોલ અંગે પાલિકા તંત્ર ઉપર વધુ કોઈ માછલા ધોવાય એ અગાઉ તંત્ર સજાગ થયું છે. એમ એસ યુનિવર્સિટી ની ફાઈન આર્ટસ ફેકલ્ટી પાસે છત્રીના ડોમ નીચે ચાલતી ખાણીપીણીની લારીઓની ચકાસણીમાં ગંભીર છબરડા ચણાતા દબાણ શાખાની ટીમે ખાણીપીણીની ૧૮ જેટલી લારીઓને સીલ મારી દેતા આવી ક્ષતિઓ સાથે વેપાર ધંધો કરતા ખાણીપીણીની લારીઓવાળામાં ગભરાટ ફેલાયો છે.

ઉલ્લેખનીય છે કે લેક ઝોન હરણી ખાતે તાજેતરમાં દસ દિવસ અગાઉ હોડી ઊંધી વળી જતા ૧૨માસુમ ભૂલકા અને બે શિક્ષિકા સહિત જણાના પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીજ્યા હતા. આ ચકચારી બનાવ અંગે પ્રાથમિક તબક્કે લેક ઝોન કોન્ટ્રાક્ટર સહિત પાલિકાના જવાબદાર અધિકારીઓની ઘોર નિષ્કાળજીના આક્ષેપો થતા તંત્ર ચોકી ઉઠ્યું હતું. પાલિકા તંત્રની લોલમ લોલ કાર્યવાહી અંગે સૌ કોઈ પરિચિત છે અને સૌ કોઈ પાલિકાની ઘોર બેદરકારીના ભોગ બન્યાના પણ અનુભવ અનેક લોકોને થયા છે. પરંતુ લેક ઝોનની માનવસર્જિત કુદરતી હોનારત અંગે પાલિકા તંત્ર ઉપર થતા આક્ષેપોથી બચવા સઘન પ્રયાસો તંત્ર દ્વારા શરૂ થયા છે. જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની જર્જરીત શાળાઓ તથા કારેલીબાગ રાત્રી બજારમાં ખાણીપીણીની દુકાનોમાં વર્ષોથી ચાલી આવતી ગંભીર ક્ષતિઓ છતાં પાલિકા તંત્ર આખ આડા કામ કરી રહ્યું હતું પરંતુ હોડી દુર્ઘટના સર્જાતા પાલિકા તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી સફાળું જાગ્યું હોય એવી રીતે ચેતી ગયું છે અને ઠેર ઠેર નાની મોટી ક્ષતિઓ અંગે સઘન ચકાસણીઓ શરૂ કરવામાં આવી છે.

### અમદાવાદ મ્યુનિ.ના અધિકારી સુનીલ રાણા સામે ACBની કાર્યવાહી, અપ્રમાણસર મિલકતનો મામલો

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિશિપલ કોર્પોરેશનના ક્લાસ-૨ અધિકારી સુનીલકુમાર રાણા વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરોએ અપ્રમાણસર મિલકત અંગે ગુનો નોંધ્યો છે. AMCના અધિકારી સુનીલકુમાર રાણા પાસે છેલ્લા ૧૦ વર્ષમાં પગારી આવક કરતા વધુ મિલકત મળી આવતા એસબીએ કાર્યવાહી કરી છે.

સુનીલ રાણા છસ્ક્રના શાહપુર વોર્ડના ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતો હતો. તેમની પાસેથી વર્ષ ૨૦૧૦થી ૨૦૨૦ સુધીના ૧૦ વર્ષમાં પગારની રૂપિયા ૬૫.૪૧ લાખની આવક કરતા ૩૦૬ ટકા વધુની મિલકત મળી આવી છે. સુનીલ રાણાની પત્ની અને દિકરાના નામે ત્રણ મકાન અને ૧.૫૦ કરોડની ફિક્સ ડિપોઝિટ સહિત રૂપિયા ૨.૭૫ કરોડની અપ્રમાણસર મિલકતો મળી આવી હતી, જેના પગલે એસીબીએ કાર્યવાહી કરીને ગુનો નોંધ્યો છે. સુનીલ રાણા વિરુદ્ધ એસીબીએ કાયદેસરની કાર્યવાહી કરતા અન્ય લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ મામલે સૂત્રો દ્વારા મળતી વધુ વિગતો મુજબ સુનીલ રાણા પાસે વૈષણોદેવી વિસ્તારમાં તેમજ જસમીન ગ્રીનમાં એક ફ્લેટ છે. જસમીન ગ્રીનમાં આવેલો ફ્લેટ લક્ઝુરીયસ હોવાની પણ માહિતી મળી છે. આ સિવાય અગોરા રેસિડેન્સીમાં પણ ફ્લેટ છે જે પત્નીના નામે છે. સુનીલ રાણાએ આ ફ્લેટ વર્ષ ૨૦૧૪માં ખરીદ્યો હોવાનું કહેવાય છે. આ મામલે અમાદાવાદના જમાલપુર ખાડીયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું હતું કે રાજ્યમાં ૫૦ જેટલા ક્લાસ વન અને ટું અધિકારીઓ સામે ભ્રષ્ટાચારની તપાસ અંગે સરકારમાં અરજી ગઈ છે. જો કે આઈપીએસ, આઈએએસ અને જીએએસ કક્ષાના અધિકારીઓ સામે તપાસ માટે સરકાર મંજૂરી આપતી નથી. આ ઉપરાંત ઈમરા ખેડાવાલાએ જણાવ્યું હતું કે સુનીલ રાણા તો નાની માછલી છે મોટા મગરમચ્છ તો હજુ પણ બહાર ફરે છે.

# બાકરોલ ખાતે રૂા.૧ કરોડના ખર્ચે નિર્મિત સ્માર્ટ લાયબ્રેરી તથા ઈ-લાયબ્રેરીનું લોકાર્પણ

### મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ અને શહીદ સ્મૃતિદિન નિમિત્તે મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલી અર્પણ કરતા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરી



આણંદ, રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગ્રંથાલય ખાતા દ્વારા આણંદ જિલ્લાના બાકરોલ ખાતે સરકારી જિલ્લા પુસ્તકાલયમાં રૂપિયા ૧ કરોડના ખર્ચે તમામ જરૂરી સુવિધાઓ સાથેની સ્માર્ટ લાયબ્રેરી તથા ઇ-લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે જિલ્લાના સરકારી ગ્રંથાલય ખાતે અંદાજીત ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ વાંચવા-ભણવા અર્થે આવે છે. રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલયોને અદ્યતન કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે તે અંતર્ગત આણંદના સરકારી પુસ્તકાલયમાં પણ આધુનિક સુવિધા સાથેની સ્માર્ટ લાયબ્રેરી તથા ઇ-લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું હતુ જે વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મુક્વામાં આવી છે જેનો તમામ વિદ્યાર્થીઓને સરળતાથી લાભ મળી રહેશે. આણંદના બાકરોલ ખાતે આવેલ આ સરકારી જિલ્લા પુસ્તકાલયના ભવનમાં નવનિર્મિત સ્માર્ટ લાયબ્રેરી તથા ઇ-લાયબ્રેરીમાં વાંચન અર્થે આવનાર તમામ વયજૂથના વાચકોને અનૂકુળ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઇ છે. જેમાં મહિલા-પુરૂષ માટે અલગ-અલગ વાંચનરૂમની વ્યવસ્થા, નાના બાળકો માટે મનોરંજન સાથેના બાળરૂમની વ્યવસ્થા, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ જોડાણના કોમ્પ્યુટર સાથેના સર્ફિંગ રૂમની સગવડ, વિવિધ ભાષા-સાહિત્યકારો- વિષયો સહિત દરેક વયજૂથના નાગરિકો માટે પુસ્તકોની સુદ્રઢ સુવિધા, પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટની વ્યવસ્થા, સ્ત્રીઓ, પુરૂષો અને દિવ્યાંગજનો માટે અલગ અલગ શૌચાલય વ્યવસ્થા, દિવ્યાંગજનોને પુસ્તકાલયમાં આવવા-જવા માટે રેમ્પ વ્યવસ્થા, વયોવૃદ્ધ માટે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર જ બેસીને ન્યુઝપેપર વાંચવાની સુવિધા સહિત વિદ્યાર્થીઓ માટે વર્તમાન પ્રવાહની માહિતી આપતી પાક્ષિક-માસિક પત્રિકાઓ સહિત પુસ્તકોની સગવડ ઉપલબ્ધ બનાવાઇ છે. આ સ્માર્ટ લાયબ્રેરીના લોકાર્પણ બાદ મહાત્મા ગાંધીજીની પુણ્યતિથિ અને શહીદ સ્મૃતિદિન નિમિત્તે શહીદો પ્રત્યે ઋણ અદા કરવા જિલ્લા કલેક્ટરશ્રી તથા પુસ્તકાલયમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ દ્વારા સવારે ૧૧.૦૦ થી ૧૧.૦૨ સુધી બે મિનિટનું મૌન પાળી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્ય ગ્રંથાલય નિયામકશ્રી ડૉ. પંકજ ગોસ્વામી, અમદાવાદ વિભાગના મદદનીશ ગ્રંથાલય નિયામક ડૉ. અમિતા દવે, સરકારી જિલ્લા ગ્રંથાલય આણંદના ગ્રંથપાલશ્રી એમ.ટી.નિસરતા સહિત ગ્રંથાલય ખાતાના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# મહીસાગર જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક કલેક્ટરશ્રી ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ




મહીસાગર, મહીસાગર જિલ્લાના પ્રવાસન હસ્તક પ્રોજેક્ટ/સાઈટ પર થયેલ કામગીરીની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરશ્રી ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના રૈયોલી ડાયનાસોર ફોસીલ પાર્ક અને સાતકુંડા થયેલ વન વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી આ ઉપરાંત લેબા-ભેમાની વાવો ખાતે આવેલ શ્રી અર્બુદા મંદિર તથા નીલકંઠેશ્વર મહાદેવ મંદિરના સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા, સંતરામપુર તાલુકામાં આવેલ નાની સરસણ મુકામે ભિલોડીયા મહાદેવના સ્થાનકને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા, જનોડ પંચાયતમાં આવેલ કેદારેશ્વર મહાદેવને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા તથા જવા આવવા માટે રસ્તામાં આવતી મહી નદી પર પુલ બનાવવા અને શેઢી નદીના કિનારે મહાદેવના મંદિર જોડે સ્મશાનના કિનારી પુર સરક્ષણ દિવાલનું કામ તથા મહાદેવ મંદિર ફળિયામાં હાય માસ્ટ ટાવર(LED)ના કામની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ચંદ્રકાંત પટેલ,અધિક નિવાસી કલેક્ટરશ્રી સી વી લટા,આયોજન અધિકારીશ્રી આર. જે. ગુપ્તા,નાયબ વન સરક્ષકશ્રી નૈવિલ ચૌધરી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.